# નાના બાથરૂમમાં સ્ટોરેજ સ્પેસ કેવી રીતે રાખશો?




સવારે બ્રશ કરવા, સ્કિનકેરથી માંડીને રાત્રે શાવર લેવા સુધી દિવસની શરૂઆત અને અંત બાથરૂમથી થાય છે. આજકાલ ઘર, ફ્લેટ જગ્યાના અભાવને કારણે નાનાં થતાં જાય છે ત્યારે સ્વાભાવિક છે કે બાથરૂમ પણ નાના જ હોય છે. નાના બાથરૂમમાં મોટા ભાગે સ્ટોરેજની સમસ્યા મુખ્ય છે. જો યોગ્ય પ્લાનિંગ ન હોય તો બાથરૂમમાં રોજિંદા ઉપયોગમાં લેવાતી વસ્તુઓ અસ્તવ્યસ્ત રહે છે. યોગ્ય સ્ટોરેજ સોલ્યુશન પસંદ કરી તમે નાન બાથરૂમને પણ સુંદર અને ઓર્ગેનાઈઝ્ડ રાખી શકો છો. જ્યારે એક નાના બાથરૂમમાં સ્ટોરેજની વાત કરીએ ત્યારે ક્રિએટીવ રીતે વિચારવાની જરૂર હોય છે. આવો જાણીએ બાથરૂમ સ્ટોરેજ સ્પેસના કેટલાક આઈડિયાઝ જેને અપનાવી તમે બાથરૂમને ડિફરન્ટ લુક આપી શકો છો.

## ફ્લોટિંગ વોલ શેલ્ફ



નાના બાથરૂમ માટે આ એક બહુ જ સામાન્ય સ્ટોરેજ વિકલ્પ છે. ટોઇલેટરીઝ અને ડેકોરેટિવ આઈટમ્સ મૂકવા માટે ટોઇલેટ કે બેઝિનની ઉપર પાતળા ફ્લોટિંગ શેલ્ફ રાખી શકાય. એ ફર્શની જગ્યા બચાવે છે અને મોડર્ન માહોલ બનાવે છે. દરરોજ ઉપયોગમાં લેવાતી વસ્તુઓને વ્યવસ્થિત રાખવા માટે એના પર બાસ્કેટ કે જાર રાખી શકાય. એનાથી બાથરૂમ ઓર્ગેનાઈઝ્ડ અને સ્વચ્છ લાગશે.



## ઓવર ધ ડોર ઓર્ગેનાઇઝર

બારણાની પાછળની જગ્યાને બરબાદ ન કરો. હુક્સ અથવા હેંગિંગ પોકેટ લગાડી એનો સમજદારીથી ઉપયોગ કરી શકાય. નહાવાના સામાનને સહેલાઈથી અને સરળતાથી મળી શકે એ રીતે એમાં રાખી શકાય. ફર્શ અને કાઉન્ટરની જગ્યા રોકાયા વગર એમાં તમે જરૂરી વસ્તુઓ સુરક્ષિત રાખી શકશો.

## કોર્નર યુનિટ

નાના બાથરૂમમાં ખૂણાની જગ્યાની મોટા ભાગે અવગણના કરવામાં આવે છે. એનો પૂરતો લાભ ઉઠાવો. ત્રિકોણ કે L શેપના શેલ્ફ પસંદ કરો કારણ કે એ આ બેકાર જગ્યાને કામની જગ્યા બનાવી દેશે. આ યુનિટમાં સાબુ, ટુથબ્રશ, નાના નાના પ્લાન્ટ્સ રાખી શકાય. બાથરૂમ ભરચક લાગ્યા વિના જગ્યા સાફસૂથરી અને આકર્ષક લાગશે.

## સિન્ક નીચે ખાનાવાળી કેબિનેટ

સિન્કની નીચે ખુલ્લા પ્લમ્બિંગને કારણે સ્ટોરેજ તરીકે એનો ઉપયોગ કરવામાં ખંચકાટ ન અનુભવો. પુલ આઉટ ડ્રોઅર્સવાળી કેબિનેટ રાખી શકાય. એમાં સફાઈની વસ્તુ અથવા બાથરૂમનો બીજો સામાન રાખી શકાય. નાની જગ્યામાં સહેલાઈથી વસ્તુ લઈ-મૂકી શકાય એ માટે સ્લાઈડિંગ અથવા મોડ્યુલર ડ્રોઅર પસંદ કરો.

## મેટલની નાની વસ્તુ રાખવા માટે મેગ્નેટિક સ્ટ્રિપ્સ

નાની નાની મેટલની વસ્તુઓ રાખવા માટે કેબિનેટની અંદર અથવા દીવાલ પર મેગ્નેટિક સ્ટ્રિપ્સ રાખી શકાય. ત્યાં ટ્વીઝર્સ, કાતર, નેલકટર સહેલાઈથી રાખી શકાય છે. આ આસાન ટ્રીક જરૂરી નાની વસ્તુઓ સહેલાઈથી જોઈ શકાય, ઓર્ગેનાઈઝ્ડ અને સરળતાથી મળી શકે એ માટે છે. એ ડ્રોઅરમાંથી વસ્તુ શોધવાની પરેશાની પણ દૂર કરે છે.

## વોલ માઉન્ટેડ બાસ્કેટ્સ અથવા રેક્સ

શેમ્પુ, લોશન્સ કે સ્પોન્જ જેવી વસ્તુઓ મૂકવા માટે દીવાલ પર બાસ્કેટ્સ કે રેક્સ મૂકો. એ કામનાં, પ્રમાણમાં સસ્તાં અને બાથરૂમને રસ્ટિક લુક આપે છે. એનાથી જગ્યાની સફાઈ પણ સારી રીતે થઈ શકે છે કારણ કે ફર્શથી બધી વસ્તુ ઉપર હોય છે.

## રોલિંગ સ્ટોરેજ ટ્રોલી

એક પાતળી રોલિંગ ટ્રોલી બાથરૂમમાં સિંક કે ટોઇલેટ જેવી ટાઇટ જગ્યા નજીક રાખી શકાય. ત્યાં વધારાના ટુવાલ, ક્લિનિંગ પ્રોડક્ટ અથવા પર્સનલ કેરની વસ્તુ રાખી શકાય. આ ટ્રોલી ખસેડી શકાય એવી હોય છે એટલે જરૂર પડે ત્યારે એને સહેલાઈથી આગળપાછળ કરી શકાય છે.

## અરીસા પાછળ સ્ટોરેજ



મિરરની પાછળ શેલ્ફ હોય એવી મિરર કેબિનેટ પણ નાના બાથરૂમમાં રાખી શકાય. આ અરીસો જરૂરી વસ્તુઓ સંતાડે છે અને એનાથી ડબલ પર્પઝ પણ સર્વ થાય છે. તે માત્ર સ્ટોરેજ જ પૂરું નથી પાડતાં પરંતુ એક રીફ્લેક્ટિવ સરફેસની રીતે પણ કામ કરે છે. મિરર કેબિનેટ બાથરૂમને બ્રાઇટ રાખે છે અને બાથરૂમ વ્યવસ્થિત પણ લાગે છે.

## હુક્સ અને પેગબોર્ડ્સ

દીવાલ પર લગાડેલાં હુક્સ અને પેગબોર્ડ પર ટુવાલ, રોબ્સ, બ્રશ અને બાથ સ્પોન્જ રાખી શકાય. એનાથી વસ્તુઓ કાઉન્ટર ટોપથી દૂર રહે છે અને કુટુંબના દરેક સભ્યને તેમની વસ્તુઓ રાખવા માટે જગ્યા મળી રહે છે. વર્ટિકલ સ્પેસનો વધારેમાં વધારે ઉપયોગ કરી ડેકોરેટિવ એલિમેન્ટ ઉમેરવા ક્રિએટીવ ડિઝાઈન પસંદ કરો.

